અપીલ અરજી નં.૨૪૧ તા .૨–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી આનંદ શેષમણિ મિશ્રા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આનંદ શેષમણિ મિશ્રાની તા.૬–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)આનંદ મિશ્રાના નામની આજ સુધી કેટલી અરજી થઈ છે વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૪૧/૨૦૧૧–૧૨

શ્રી આનંદ શેષમણિ મિશ્રાની તા.૬–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) આનંદ મિશ્રાના નામની આજ સુધી કેટલી અરજી થઈ છે વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૩ તા.૬–૯–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને તેમણે સ્વંય કરેલ અરજીઓ અને કાર્યવાહીને લગતી માહિતી માંગેલ છે. તેમણે કરેલ અરજીની વિગત તેમની કક્ષાએ હોવાનું અનુમાનિત છે. તે વિગતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૬–૭–૧૧ થી અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) આનંદ મિશ્રાના નામની આજ સુધી કેટલી અરજી થઈ છે. મુદ્દા નં.(૨) આનંદમિશ્રાની માંગવામાં આવેલી જાણકારી કોર્પોરેશન ધ્વારા કઈ કાર્યવાહી કરવામાં આવી. જે સોસા.ની વિરુધ્ધ અરજી કરવામાં આવી તેની સંપૂર્ણ જાણકારી. મુદ્દા નં.૩ જે સોસા. કે વિષયમાં અરજી કરવામાં આવી તે સોસા. ઉપર કોર્પોરેશન ધ્વારા કઈ કાર્યવાહી કરવામાં આવી. તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં(૪) બધી અરજીઓની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૫) બધી જાણકારી લેખિતમાં જોઈએ. મુદા નં.૬ તા.૧–૧–૧૦ થી તા.૬–૭–૧૧ સુધી કરવામાં આવેલ અરજીની જાણકારી. આમ અરજદારે મુદ્દા નં.૬ માં તેમને તા.૧–૧–૧૦ થી તા.૬–૭–૧૧ સુધી કરવામાં આવેલ અરજીઓની માહિતી અને તેની કાર્યવાહીને લગતી માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે અરજદારે માંગેલી માહિતીના જવાબ નહીં આપવાના કારણથી તા.૨–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ખુદે કરેલ અરજીઓ અરજદાર પાસે હોવાનું અનુમાનિત છે. વધુમાં અરજદારે કરેલી અરજીઓની કાર્યવાહી બાબતે જયારે માહિતી માંગવામાં આવતી હોય ત્યારે આરટીઆઈ ના નિયમ–૬ મુજબ આવા સંદર્ભ સાથે અરજીની નકલ તથા તે સ્વીકાર્યા અંગેની પહોંચ અને જે તે તારીખોના વિવરણ સહિતની વિગતો સાથે અપીલ અરજી કરવાની રહે છે. તેમજ અરજદાર તરફથી અરજીની નકલ, અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ, કે અરજી કર્યાની તારીખોની યાદીની વિગતો પણ રજૂ કરવામાં આવેલ નથી. જે અંગે અરજદારે કોઈ પણ પુરાવા રજૂ કરેલ નથી. જે અરજદાર તરફથી અરજી સાથે કે અપીલ તબકકે પણ તેમ કરવામાં આવેલ નથી. જે અંગે અત્રેથી અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં પણ અરજદારે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં તેમની અરજીઓ બાબતે કે કરેલી કાર્યવાહી અંગે પણ કોઈ વિગતો રજૂ કરેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદાર તેમની તા.૧–૧–૧૦ થી તા.૬–૭–૧૧ સધુી કરેલી અરજીઓની નકલ તથા નકલ સ્વીકાર્યાની પહોંચ રજૂ કરી તે અંગે કરેલી કાર્યવાહી અંગે માહિતી મેળવી શકે છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૬–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ જો આવી કોઈ અરજીઓ અરજદાર તરફથી થયેલ હોય તો દફતરી ચકાસણી કરી તે અંગે થયેલ કાર્યવાહીની દફતરી હકીકતલક્ષી માહિતી અને જો તેવી કોઈ અરજીઓ થયેલ ન હોય તો તે મુજબનો પ્રત્યુત્તર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી આનંદ શેષમણિ મિશ્રા,,